| | | | | | |
|---|---|---|---|---|---|
| GJKT020035692023 | | દાખલ તારીખ | ૦૪/૦૫/૨૦૨૩ | | |
| | | નોંધ્યા તારીખ | ૦૪/૦૫/૨૦૨૩ | | |
| | | નિકાલ તારીખ | **૧૦/૦૮/૨૦૨૬** | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૩ | ૦૩ | ૦૬ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટી ફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ**

## FORM : A

**ના.શ્રી ત્રીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભુજ–કચ્છ**

**ફોજદારી કેસ નંબર : ૨૬૭૦/૨૦૨૩**

**આંક–બી/૨૩**

**એફ.આઇ.આર. ની વિગતો, ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન<br>એફ.આઇ.આર. નંબર | **ભુજ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન એ. પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૦૫૦૪૩૨૨૧૨૯૦/૨૦૨૨** |
| ગુન્હો | **ઇન્ડીયા પીનલ કોડ (આઇ.પી.સી.) ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ** |
| **ત્હોમતનામા મુજબ ત્હોમત** | ઉપર મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી : હુશેન લધાભાઇ થઇમ) |
| વિધ્વાન એ.પી.પી. | **શ્રી એ.એ.પ્રજાપતિ** |
| **આરોપીઓ** | નજીર ઉર્ફે બેટરી શેખનુર મેમણ<br>ઉ.વ. પુખ્ત, ધંધો.કેટરર્સ,<br>રહે.અંજલીનગર–૦૨ની અંદર રોયલસીટી સુરલભીઠ રોડ તા.ભુજ–કચ્છ. |
| **બચાવપક્ષ તરફે** | **વિધ્વાન વકીલ શ્રી એસ.ડી.ગઢવી** |

## FORM–B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૬/૧૨/૨૦૨૨ |
| ફરીયાદની તારીખ | ૨૬/૧૨/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૨૧/૦૨/૨૦૨૩ |
| ત્હોમત ફરમાવ્યાની તારીખ | ૨૪/૦૮/૨૦૨૩ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | – |

## <u>આરોપીઓની વિગત :–</u>

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ ટાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબ | ૦૨/૦૧/૨૦૨૩ | ૦૨/૦૧/૨૦૨૩ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

## **<u>FORM–C</u>**

### <u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના પુરાવાનું લીસ્ટ :–</u>

### (એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા (જુબાની) :

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | હુસેનભાઇ લધાભાઇ થઇમ | ફરીયાદી | ૧૭ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૮ |
| ૨. | સ્થાનીક જગ્યાનુ પંચનામુ | ૧૯ |
| ૩. | અટક પંચનામુ | ૨૦ |
| ૪. | જાહેરનામુ | ૨૧ |
| ૫. | મેડી.સર્ટી. | ૨૨ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૬/૧૨/૨૦૨૨ ના ક.૧૫/૦૦ વાગ્યા દરમ્યાન, લશ્કરી માતમવાળી શેરી કેમ્પ એરીયા ફરીયાદીના ઘરની પાસે આવેલ નરેશભાઇની દુકાનની બહાર, ભુજ મધ્યે, આ કામના આરોપીએ ફરીયાદી ઉપર થુંક ઉડાડેલ હોઇ જેથી ફરીયાદીએ કહેલ કે, મારી ઉપર કેમ ઉડાડે છે તેવુ કહેતા આ કામના આરોપી એકદમ ઉશ્કેરાઇ જઇ, ફરીયાદીને માં–બેન સમી ભુંડી ગાળો આપી,

ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા, આરોપીએ ફરીયાદીને ધક–બુશટનો માર મારી નીચે પાડી દઇ, ધોકા વડે ડાબી આંખની ઉપરના ભાગે બે ટાંકા જેટલી ઈજા પહોંચાડી, મે શ્રી ડી.એમ. સાહેબ ભુજ–કચ્છ નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ધી ઈન્ડીયન પીનલ કોડ (આઇ.પી.સી.)ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) જે ફરીયાદ ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે તેઓએ હાલનું આ ચાર્જશીટ આરોપી સામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ, ભુજની કોર્ટમાં રજુ કરેલું અને તેઓ સાહેબ તરફથી સદરહુ કેસ અત્રેની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી થવા માટે ટ્રાન્સફર થઇ ક્રમશ: આ કોર્ટમાં આવેલ છે.

(૩) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૦૭ અન્વયે તેમની સામેના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરુધ્ધ આંક–૫ થી ત્હોમતનામું ફરમાવી તે ત્હોમતનામાની વિગતો વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુનાઓ સંબંધેનું નિવેદન/પ્લી આંક–૬ થી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ આક્ષેપવાળા ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે. જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબ ફોર્મ–સી મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૫) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષે વધુ કોઇ પણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપી વચ્ચે સમાધાન થઇ જતા તેઓએ આંક–૧૬ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો ન હોઇ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ દલીલો સાંભળવામાં આવી. ત્યારબાદ બને પક્ષોની દલીલો સાંભળવામાં આવી.

(૬) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

<u>–:: મુદાઓ ::–</u>

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, તા.૨૬/૧૨/૨૦૨૨ ના ક.૧૫/૦૦ વાગ્યા દરમ્યાન, લશ્કરી માતમવાળી શેરી કેમ્પ એરીયા ફરીયાદીના ઘરની પાસે આવેલ નરેશભાઇની દુકાનની બહાર, ભુજ મધ્યે, આ કામના આરોપીએ ફરીયાદી ઉપર થુંક ઉડાડેલ હોઇ જેથી ફરીયાદીએ કહેલ કે, મારી ઉપર કેમ ઉડાડે છે તેવુ કહેતા આ કામના આરોપી એકદમ ઉશ્કેરાઇ જઇ, ફરીયાદીને માં–બેન સમી ભુંડી ગાળો આપી, ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા, આરોપીએ ફરીયાદીને ધક–બુશટનો માર મારી નીચે પાડી દઇ, ધોકા વડે ડાબી આંખની ઉપરના ભાગે બે ટાંકા જેટલી ઇજા પહોંચાડી, મે શ્રી ડી.એમ. સાહેબ ભુજ–કચ્છ નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ધી ઈન્ડીયન પીનલ કોડ (આઇ.પી.સી.)ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>નિર્ણય :–</u>** ૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## <u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>

### <u>મુદા નં. ૧ ની ચર્ચા :–</u>

(૮) આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકનને લગતી મહત્વની બાબતની ચર્ચા કરવી અત્રે જરૂરી બને છે. ભારતીય સાક્ષ્ય અધિનીયમમાં પુરાવાના મુલ્યાંકન માટે કાયદા ધ્વારા પ્રસ્થાપિત કોઈ સર્વ સામાન્ય નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે, દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર, ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૨ માં જણાવેલ સાબિત, ના સાબિત તથા બિન સાબિત ની વ્યાખ્યા પર આધારીત છે. ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૪ અને કલમ–૧૦૫ સાબિતીનો બોજો અને સાબિતીનો બોજો કોના ઉપર છે, તે બાબત પર પ્રકાશ પાડે છે. ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૪ મુજબ, "સાબિતીનો બોજો જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે". ભારતીય પુરાવા અધિનીયમ કલમ–૧૦૫ મુજબ, 'બેમાંથી કોઈ પક્ષકાર તરફથી પુરાવો આપવામાં ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે'. સદર જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે, જયારે આરોપીએ પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર

કરવામાં નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરોકત મુજબના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮.૧) આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

**<u>સાહેદોનો પુરાવો :–</u>**

(૯) ફરીયાદપક્ષે આ કામના **ફરીયાદી દિલીપભાઇ કેશવજી ઠક્કર ને આંક–૧૭** થી સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા. ૨૫.૧૨.૨૨ ના રોજ બપોરે ત્રણેક વાગ્યાના અરસામા તેઓ ઘરેથી નિકળીને બહાર જતા હતા ત્યારે નરેશભાઈની દુકાનની બહાર ઓટલા ઉપર નઝીર મેમણ ઉર્ફે બટેરી બેઠેલ હતો, તેઓ નઝીર પાસેથી નિકળેલ ત્યારે તેણે થુંક ઉડાલેલ ત્યારે તેઓએ તેમ કરવાની ના પાડતા તે ઉશ્કેરાઇ ગયેલ અને ગાળાગાળી થતા ઘણા લોકો ભેગા થઈ ગયેલા. અને ઘણા લોકો ભેગા થઇ ગયેલ હોવાથી પડી જવાથી તેઓને આંખના ઉપરના ભાગે ઈજા થયેલી જેથી જી.કે. જનરલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી. આ સામાન્ય બોલાચાલીમા ઉશ્કેરાટમાં આવી આ હાલની ફરીયાદ લખાવેલી. એફ.આઈ.આર. તેઓને બતાવતા તે તે જ ફરીયાદ હોવાનુ ઓળખી બતાવેલ છે. જે આંક–૧૮ થી પુરાવામાં રજુ છે. આ સિવાય બીજુ કંઈ બનેલ

જેથી સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને વિદ્વાન એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે.

બચાવપક્ષના વિ. વ. શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપીએ તેઓને ગાળાગાળી કરેલ નથી કે કોઇ હથિયારથી તેઓને ઈજા કરેલ નથી, આરોપીએ તેઓની પર હાથ ઉપાડેલ નથી,તેઓને

આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતાં, આવેશમા આવી હાલની ફરિયાદ કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૦) ઉપરોકત તમામ પુરાવાનું મુલ્યાંકન કરતા જણાઇ આવે છે કે, હાલના કેસમાં ફરીયાદી મુખ્ય ભોગ બનનાર છે. જેઓની ફરીયાદને કારણે હાલના આરોપી વિરુધ્ધ ગુન્હો નોંધાયેલ છે. જેઓનો પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ લેશમાત્ર હકીકત જણાવતા નથી. ફરીયાદપક્ષે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદને તપાસેલા નથી. આ સંજોગોમાં જયારે ફરીયાદી/ભોગ બનનાર જ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય ત્યારે અન્ય સાહેદોનો પુરાવો ગૌણ બની જાય છે. જયારે આ કામના ફરીયાદી પોતાની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, આરોપીએ તેઓને ગાળાગાળી કરેલ નથી કે કોઇ હથિયારથી તેઓને ઈજા કરેલ નથી, આરોપીએ તેઓની પર હાથ ઉપાડેલ નથી,તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતાં, આવેશમા આવી હાલની ફરિયાદ કરેલ છે. તેમજ એ.પી.પી. દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે. તેઓએ સમાધાન પુરશીશ આંક ૧૬ થી રજુ રાખેલ છે જેથી હાલના આરોપીને તકસવીવાન ઠરાવી શકાય તેવો કોઇ સચોટ પુરાવો નથી.

(૧૧) આ કામે ઉપરોકત મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે. આ દસ્તાવેજો મૌખિક પુરાવાઓના સમર્થનકારક હોય તેને ફરીયાદપક્ષના મુખ્ય સાહેદ ફરીયાદીના મહત્વના પુરાવાઓની સાથે વંચાણે લેવા જરુરી હોય છે. આ કામના ફરીયાદીના પુરાવામાં આરોપીએ માર મારી ઈજા કરેલ હોય અને તેની સારવાર કરાવેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી. જયારે ફરીયાદપક્ષના મહત્વના મૌખિક પુરાવાઓની ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ત્યારે સમર્થનકારી દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહીં.

(૧૨) આરોપી વિરુધ્ધ ઉપરોકત મુજબના ગુનાના આક્ષેપ છે પરંતુ પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીથી નિ:શંકપણે આરોપી વિરુધ્ધ ફરીયાદીને ગાળો આપવાનો કે ધોકા વડે માર મારી ઈજા પહોચાડેલ હોય તેવી ગુનાની હકીકતો રેકર્ડ પર આવેલ નથી. આ સંજોગોમાં આક્ષેપિત ગુનો પુરવાર થતો નથી. વધુમાં બનાવ સમયે જાહેરનામું અમલમાં હોય અને આરોપી ધ્વારા હથિયાર ધારણ કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી ન હોય જી.પી.એકટની કલમ–૧૩૫ ના આક્ષેપ પુરવાર થતા નથી.

(૧૩) આમ, રજુ પુરાવાના મુલ્યાંકનથી જણાય છે કે, આરોપી વિરુધ્ધ સચોટ પુરાવો નથી. ફરીયાદી જ ભોગ બનનાર છે અને તેઓની જુબાનીથી જ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. આ સંજોગોમાં જયારે ફરીયાદી અને ભોગ બનનાર એક જ છે ત્યારે તેઓની જુબાનીથી બનાવ હકીકતને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં બનાવ હકીકતો શંકાસ્પદ જણાય છે.

(૧૪) વળી **<u>૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં.૮૫</u>** ઉપર પ્રસિધ્ધ થયેલ **<u>સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન</u>** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :–

> When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

(૧૫) આ કામે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે તથા રેકર્ડ પરના પુરાવાઓ જોતા આરોપી ઉપર શંકા ઉદભવે છે, પરંતુ શંકા કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. સદર કામમાં ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા અને જે મહત્વના સાહેદોને તપાસવામાં આવેલ છે

તેઓની જુબાની વંચાણે લેતા, આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઇ, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોય તે સંજોગોમાં મુદા નં.ર નો નિર્ણય આખરી હુકમ મુજબ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. આ કામના આરોપી નજીર ઉર્ફે બેટરી શેખનુર મેમણ રહે.અંજલીનગર–૦૨ની અંદર રોયલસીટી સુરલભીઠ રોડ તા.ભુજ–કચ્છ વાળાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઇન્ડીયા પીનલ કોડ (આઇ.પી.સી.) ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા) લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વિત્યા બાદ મુદામાલ અંગે નિયમ મુજબની કાર્યવાહી કરી નાશ/નિકાલ કરવો.

હુકમ આજ તારીખ : ૧૦ , માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૧૦/૦૮/૨૦૨૬
ભુજ–કચ્છ

**(રાહુલ સતીશભાઈ સિંગલ)**
ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ–કચ્છ (કોડ નં. જીજે૦૧૪૧૦)

RLH